# પીડીપી દ્વારા ગઠબંધન કરવાને લઈને ભાજપને ઈન્તજાર



શ્રીનગર, તા.૩૧

જમ્મુ કાશ્મીરમાં સત્તાની મડાગાંઠ હજી પણ ગુંચવાયેલી છે. અહીં ભાજપ અને પીડીપીએ પોતાની રીતે સરકાર રચવાના પ્રયાસો ઝડપી બનાવ્યા છે. પીડીપી અહીં સૌથી મોટી પાર્ટી બનીને સામે આવી છે અહીં એનસી અને કોંગ્રેસ પીડીપીને સાથ આપવા તૈયાર છે.હવે જોવાનું એ બાકી છે કે પીડીપી કોનો સાથ લઈને સરકાર બનાવે છે. આજે પીડીપી પ્રમુખ મેહબૂબા મુફતીએ રાજયપાલ એન.એન. વોહરા સાથે મુલાકાત કરી છે. મંગળવારે ભાજપ નેતા રામ માધવે રાજયપાલ સાથે મુલાકાત કરી હતી.

જમ્મુના રાજભવનમાં તેઓ રાજયપાલને મળ્યા હતા. ગુરુવારે રાજયપાલે મહેબૂબા મુફતી અને ભાજપના પ્રમુખ જુગલ કિશોર શર્માને સાથે મળવા બોલાવ્યા છે. જો કે અંતરંગ સૂત્રોના કહેવા પ્રમાણે જમ્મુ કાશ્મીરમાં ભાજપ અને પીડીપીની સરકાર રચાય તેવી પ્રબળ શકયતાઓ છે. બંને પક્ષો વચ્ચેની વાતચીતનો એક તબક્કો પૂર્ણ થયો છે. અહેવાલો પ્રમાણે ભાજપ પણ ગંઠબંધનની સ્થિતિમાં મુફતી મોહમ્મદ સઈદને જ રાજયના મુખ્યપ્રધાન બનાવવા માગે છે. બંને વચ્ચે થનારી સમજૂતી દરમિયાન ભાજપ ડેપ્યુટી સીએમનું પદ પોતાની પાસે રાખશે અને આ માટે નિર્મલ સિંહનું નામ નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે.

આ બેઠક વિશે મહેબૂબાએ કીધું છે કે આ એક અનઔપચારિક બેઠક હતી. આ વખતે જમ્મુ કાશ્મીરમાં બહુમતીનો જનાદેશ આવ્યો નથી. કાશ્મીરમાં પીડીપીને બહુમતી મળી છે જયારે જમ્મુમાં બીજેપીને બહુમતી મળી છે. તેથી અમે સરકાર બનાવવાની ઉતાવળ કરવા માંગતા નથી. અમારી પાસે ૫૫ ધારાસભ્યો છે પરંતુ સરકાર બનાવતા પહેલા અમે વિચારણા કરીશું. આ બેઠક પછી તેમણે કહ્યું કે પીડીપીના એજન્ડાને આગળ લઈ જવો છે. જમ્મુ કાશ્મીરમાં વિકાસનો એજન્ડા ચલાવવો છે અને અમે તેને આગળ લઈ જવા માંગીએ છીએ.

# સાંબામાં પાકિસ્તાન દ્વારા ગોળીબાર : ૧ જવાન શહીદ

જમ્મુ,તા. ૩૧

જમ્મુ-કાશ્મીરના સાંબા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર બીએસએફ પેટ્રોલ ટુકડી ઉપર પાકિસ્તાની સૈનિકોએ યુદ્ધ વિરામનો ભંગ કરીને આજે ફરીવાર ગોળીબાર કર્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં બીજી વખતુ યુદ્ધવિરામનો ભંગ કરાયો હતો. આ ગોળીબારમાં બીએસએફના એક જવાનનું મોત થયું હતું. જ્યારે અન્ય એકને ઈજા થઈ હતી. બીજીબાજુ બીએસએફ દ્વારા પણ જડબાતોડ જવાબ અપાયો હતો. જેમાં પાકિસ્તાનના બે સૈનિકો માર્યા ગયા હતા. પાકિસ્તાની સૈનિકોએ વારંવાર ગોળીબાર યથાવતરીતે જારી રાખ્યો છે. સાંબા સેક્ટરમાં સુચેતગઢ અગ્રીમ ચોકી ઉપર આઈબી ખાતે બીએસએફ પેટ્રોલ ટુકડી પર ગોળીબાર કર્યો હતો. ભારે ગોળીબારમાં એક જવાન શહીદ થયો હતો. રુટિન પેટ્રોલ ટુકડી ઉપર આ ગોળીબાર કરાયો હતો. શહીદ થયેલા જવાનની ઓળખ શ્રીરામ ગોવરીયા તરીકે થઈ છે. જ્યારે અન્ય એક જવાનને ઈજા થતાં તેને હોસ્પિટલમાં ખસેડાયો છે. કથુઆ અને સાંબામાં પણ ગોળીબાર થયો હોવાના અહેવાલ મળ્યા છે. છેલ્લા એક સપ્તાહના ગાળામાં જ છઠ્ઠી વખત ગોળીબાર કરાયો છે જયારે ૨૪ કલાકમાં બીજી વખત ગોળીબાર કરાયો છે. ગઈકાલે પણ પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ જિલ્લાના પલ્લાનવાલામાં એલઓસી ઉપર ગોળીબાર કર્યો હતો. જેમાં અમરજીતસિંહને ઈજા થઈ હતી. રવિવારે પણ પાકિસ્તાને ગોળીબાર કર્યો હતો. ૨૫મી ડિસેમ્બરે પણ ગોળીબાર કરાયો હતો. પાકિસ્તાને બિનઉશ્કેરણીજનક રીતે છેલ્લા ૧ સપ્તાહમાં છ વખત ગોળીબાર કર્યો છે. જેના કારણે સરહદ ઉપર સતત તંગદીલી રહી છે. બીએસએફના જવાનોએ જોરદાર જવાબી કાર્યવાહી કરી છે. હાલમાં જ રાજ્યસભામાં માહિતી આપવામાં આવી હતી કે, પાકિસ્તાની સૈનિકોએ અંકુશ રેખા ઉપર સતત ગોળીબાર જારી રાખ્યો છે.

## પાકિસ્તાનને બેવડી તાકાતની સાથે જવાબ આપવા સૂચના

નવી દિલ્હી,તા. ૩૧

પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવતા ગોળીબારનો બેવડી તાકાત સાથે જવાબ આપવા માટે સરકારે ફરજ બજાવતા જવાનોને સુચના આપી છે. આજ કારણસર પાકિસ્તાની સૈનિકોને જોરદાર જવાબ આપવામાં આવી રહ્યો છે. બીજીબાજુ સંરક્ષણ પ્રધાન મનોહર પારિકરે આજે કહ્યું હતું કે, સંરક્ષણ પ્રાપ્તિનિતીમાં ફેરફાર ફેબ્રુઆરીના મધ્ય સુધી કરવામાં આવશે. ડિફેન્સ એજન્ટોને પણ મહત્વ આપવામાં આવશે. વિદેશી સંરક્ષણ કંપનીઓમાંથી પ્રતિનિધિઓને મહત્વ અપાશે. તેમણે કહ્યું હતું કે, મંત્રાલય પ્રતિબંધીત કંપનીઓ સાથે સોદાબાજીને મર્યાદીત અને શરતી મંજુરી આપશે. આ ઉપરાંત ટાટરા ટ્રક માટે સ્પેરપાર્ટ્સ મેળવવા પ્રતિબંધને ઉઠાવવામાં આવશે. સંરક્ષણ કંપનીઓ તરફથી પ્રતિનિધિઓને સંરક્ષણ પ્રાપ્તિનિતિમાં મંજુરી અપાઈ છે. બીપીપીમાં ફેરફાર થશે. પોલીસીમાં ફેરફાર અંગેનો મુસદ્દો તૈયાર કરી લેવાયો છે. શરતી રીતે મંજુરી આપવામાં આવનાર છે. સરકારે આક્રમક જવાબ આપવા માટે ફરજ બજાવતા જવાનોને કહ્યું છે.

# પોસ્ટ ઓફિસ એટીએમ કાર્ડ અને સ્ટેટેમેન્ટસ આપી શકશે

નવી દિલ્હી,તા. ૩૧

પોસ્ટ ઓફિસ હવે બેંક બનવાની દિશામાં છે. પોસ્ટ ઓફિસ હવે એટીએમ કાર્ડ અને એકાઉન્ટસ સ્ટેટમેન્ટસ આપી શકશે. સરકારે ચોક્કસ લાયક શાખાઓને તેમના ખાતા ધારકોને એટીએમ કાર્ડ જારી કરવાની મંજૂરી આપી દીધી છે. હવે બેંકો પાસબુક આપવાના બદલે એકાઉન્ટ સ્ટેટમેન્ટસ આપશે. જે રીતે મોટા ભાગની ખાનગી બેંકો કરે છે તેવી જ રીતે પોસ્ટ ઓફિસ કામ કરી શકશે. સરકારે પોસ્ટ ઓફિસ સવિગ્સ બેંક



જનરલ રૂલ્સ ૧૯૮૧માં સુધારા કરીને ગેજેટ જાહેરનામુ જારી કરી દીધુ છે. નિયમો તાત્કાલિકરીતે અમલી બનાવી દેવામાં આવનાર છે. આ સુવિધા એવી શાખામાં મળશે જે કોર બેકિંગ સોલ્યુશન સોફટવેર પર કામ કરી રહી છે. ઈલેક્ટ્રોનિકે નેટવર્કના ભાગરૂપે રહેલી શાખાને ફાયદો થશે. પોસ્ટ ઓફિસ હાલમાં લોકપ્રિય પબ્લિક પ્રોવિડન્ટ ફંડ સહિત સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલી બચત ખાતા, રિકરિંગ ડિપોઝીટ, ફિક્સ્ડ ડિપોઝીટ અને અન્ય અનેક નાની બચતની સ્કીમ ઉપલબ્ધ કરાવે છે.તેમના દ્વારા એકત્રિત કરવામાં આવતા નાણાં કેન્દ્ર અને રાજ્ય સરકાર પાસે જાય છે. ઈન્ડિયા પોસ્ટ હાલમાં ૧.૫૫ લાખ શાખા ધરાવે છે. ગ્રામીણ વિસ્તારમાં આશરે ૯૦ ટકા શાખા છે. જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે પોસ્ટ ઓપિસ હવે નવી સુવિધા આપી શકશે. આ ખાતામાં ડિપોઝીટ કરી શકાશે. સાથે સાથે ઈલેક્ટ્રોનિક મોડ મારફતે સ્વીકાર કરી શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે આરબીઆઈએ અગાઉ ઈન્ડિયા પોસ્ટને બેકિંગ લાયસન્સ જારી કરવા સામ વાંધો ઉઠાવ્યો હતો. નવા જાહેરનામાથી સામાન્ય લોકોને રાહત થશે.



આજથી વર્ષ ૨૦૧૫નો શાનદાર પ્રારંભ થઈ રહ્યો છે. જેનો ઉત્સાહ સમગ્ર વિશ્વભરમાં ફેલાયો છે. મોરાદાબાદની વિદ્યાર્થીનીઓએ પણ નૂતન વર્ષને તેમની આગવી શૈલીમાં આવકાર્યું હતું. વીતેલું વર્ષ ભારતમાં સત્તા પરિવર્તન કરનારું રહ્યું છે અને નવા નેતૃત્વ એ દેશના યુવાનોમાં આશાનો સંચાર કર્યો છે.

# મોદી સરકાર દ્વારા મિશન સશક્તિકરણ અમલી બન્યું

નવી દિલ્હી, તા. ૩૧

લઘુમતીઓ સુધી તેમના વિકાસના એજન્ડાને આગળ વધારવાના હેતુસર નરેન્દ્ર મોદી સરકાર હવે મિશન સશક્તિકરણ શરૂ કરી ચુકી છે. આ સ્કિમની મુખ્ય વિશેષતા લઘુમતીઓ માટે આર્થિક વિકાસની છે. સાથે-સાથે તેમને સુરક્ષા આપવાની છે. અગાઉ પણ ભાજપના નેતૃત્વમાં એનડીએ સરકાર દ્વારા પણ લઘુમતીઓ માટે નઈ રોશની જેવી સ્કીમ લાવી હતી. જેમાં હવે ફરી સુધારો કરવામાં આવી રહ્યો છે. યુવા મુસ્લિમ મહિલાઓ માટે ખાસ કાર્યક્રમ સાથે યોજનાઓ લાવવામાં આવી છે. મુસ્લિમ મહિલાઓને પણ શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૪ની લોકસભા ચુંટણીમાં પ્રચાર દરમિયાન મોદીએ સબકા સાથ સબકા વિકાસની વાત કરી હતી. લઘુમતી મહિલાઓના વિકાસ માટે સ્કિમના અમલીકરણ માટે ૨૦૧૪-૧૫ના બજેટમાં મોદી સરકારે ૧૨.૫૦ કરોડની ફાળવણી કરી હતી. નજમા હેપ્તુલ્લા વર્તમાન સરકારમાં લઘુમતી બાબતોના પ્રધાન છે. સરકારે ૬ નોટીફાઈડ માઈનોરીટીના કલ્યાણને ગતિ આપવા ઝડપી કૂચ કરી છે. પ્રવર્તમાન સ્કીમોના અમલીકરણોને ઝડપી બનાવાશે. વર્તમાન સરકાર લઘુમતી યુવાનોને વધુ કુશળ બનાવવાનો હેતુ છે. મોદી સરકાર હવે મિશન સશક્તિકરણ સાથે આગળ વધવાની યોજના ધરાવે છે. હાલમાં જ યોજાયેલી વિધાનસભાની ચુંટણીમાં શાનદાર જીત મેળવી લીધા બાદ લઘુમતીઓ માટે આક્રમક યોજનાઓ શરૂ કરી છે. જમ્મુ કાશ્મીરમાં પણ મોટી જીત ભાજપે હાલમાં મેળવી છે.

# ધોનીની લોકપ્રિયતા તેમજ બ્રાન્ડ પર અસર થહી થાય

નવી દિલ્હી,તા. ૩૧

એમસ ધોનીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃતિ લેવાની જાહેરાત કરીને તમામને ચોંકાવી દીધા છે. હવે એવી ચર્ચા છે કે તેની નિવૃતિના કારણે તેની લોકપ્રિયતા અને બ્રાન્ડ પર અસર થશે. આને લઈને જુદા જુદા લોકોમાં જુદી જુદી ચર્ચા છે. કેટલાક લોકો માની રહ્યા છે કે બ્રાન્ડ ધોનીના યુગના અંતની શરૂઆત થઈ ગઈ છે. આ સંબંધમાં સ્પોર્ટસ મેનેજમેન્ટ કંપની ક્વાનના ચીફ ઓપરેટિંગ ઓફિસર ઈન્દ્રનીલે કહ્યું છે કે ચોક્કસપણે નિવૃત થયા બાદ કોઈ પણ ખેલાડીની બ્રાન્ડ પર અસર થાય છે ધોનીની બ્રાન્ડ પર પણ અસર થશે. જો કે જો ભારત નવા વર્ષની શરૂઆતમાં ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં રમાનાર વિશ્વ કપમાં જીત મેળવી લેવામાં સફળ રહેશે તો ધોનીના કદમાં વધારો થશે. પરંતુ જો ભારત વિશ્વ કપ નહી જીત તો બ્રાન્ડ ધોનીના અંતની ચોક્કસપણે શરૂઆત થઈ જસે. આના કારણે કોહલી જેવા અન્ય ખેલાડીને સીધો ફાયદો થસે. ફ્યુચર બ્રાન્ડના સીઈઓ સંતોષ દેસાઈએ કહ્યું છે કે નિવૃતિ કોઈ પણ ખેલાડીના કેરિયર અને બ્રાન્ડ પર સીધી અસર કરે છે. ચોક્કસ પણે હાલ ધોની યુગ છે. ધોની નવા ગેમ પ્લાન સાથે આગળ વધી રહ્યો છે. ધોની ટેસ્ટ અને બીજા સ્વરૂપમાંથી પણ વર્લ્ડ કપ બાદ દુર થઈ શકે છે. બ્રાન્ડ ધોનીપર હાલ વર્લ્ડ કપ સુધી કોઈ અસર નહી થાય તેમ ચોક્કસ પણે કહી શકાય છે. ધોની છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતના ટોપ બ્રાન્ડ તરીકે રહ્યો છે.

હાલમાં તે આશરે ૨૦ બ્રાન્ડમાં કામ કરી રહ્યો છે. જેમાં પેપ્સી, રીબોક, એરસેલ, ગલ્ફ ઓઈલ, સ્ટાર સ્પોર્ટસ, અમ્રપાલી ડેવલપમેન્ટ અને અન્ય કેટલાક બ્રાન્ડ સામેલ છે. હાલમાં ધોની એક બ્રાન્ડમાં કામ કરવા માટે ૧૦-૧૨ કરોડ રૂપિયા મેળવે છે. વિરાટ કોહલી બીજા નંબર પર છે. કોહલી એક બ્રાન્ડ માટે ૬-૭ કરોડ રૂપિયા મેળવે છે. ધોની અન્ય કટલાક રેવેન્યુ ડીલ પણ ધરાવે છે. ધોની સાથે કેટલીક કંપનીઓના કરાર પૂર્ણ થઈ રહ્યા છે પરંતુ કંપની તેના કરાર વધારી દવા ઈચ્છુક છે.

# નવા જ્યુડીશીયલ પંચને રાષ્ટ્રપતિની અંતે મંજુરી

નવી દિલ્હી,તા. ૩૧

નેશનલ જ્યુડીશીયલ કમિશનને રાષ્ટ્રપતિની મંજુરી મળી ગઈ છે. આની સાથે જ કોલેજીયમ સિસ્ટમનો અંત આવી ગયો છે. જજની નિમણૂંક કરવાની જુની કોલેજીયમ પ્રથાનો અંત આવી ગયો છે. આને લઈને છેલ્લા કેટલાક સમયથી ચર્ચા ચાલી રહી હતી. અગાઉ ૧૬ રાજ્યોએ બંધારણીય સુધારા બિલને મંજુરી આપી હતી. આ બિલમાં જજની નિમણૂંક કરવાની જજની કોલેજીયમ સિસ્ટમને રદ કરવાની માંગ કરવામાં આવી હતી. આની સાથે જ નવી વ્યવસ્થા અમલમાં આવશે. હાયર જ્યુડીશીયરીમાં નિમણૂંકની નવી વ્યવસ્થા અમલી બનશે. કોઈપણ બંધારણીય સુધારા બિલને રાજ્ય વિધાનસભાની ૫૦ ટકા સભ્યોની મંજુરી જરૂરી બને છે. કાયદા મંત્રાલયને ૨૯ રાજ્યો પૈકી ૧૬ રાજ્યો દ્વારા માહિતી આપવામાં આવી છે કે નેશનલ જ્યુડીશીયલ એપોઈન્ટમેન્ટ કમિશનને મંજુરી આપી દેવામાં આવી છે. ઓગસ્ટ મહિનામાં સંસદમાં એક બિલ પસાર કરાયું હતું. જેમાં જજની નિમણૂંક માટે કમિશનની રચના માટેનો માર્ગ મોકળો થશે. આની સાથે જ ૨૦ વર્ષ જુની કોલેજીયમ સિસ્ટમનો અંત આવી ગયો છે. આ બિલ બાદ નેશનલ જ્યુડીશીયલ કમિશનની રચના માટેનો માર્ગ મોકળો થયો છે. કમિશન હવે સુપ્રીમ કોર્ટ અને ૨૪ હાઈકોર્ટના જજની નિમણૂંક કરશે અને ટ્રાંસફર પણ કરશે. આ બિલમાં નેશનલ જ્યુડીશીયલ એપોઈન્ટમેન્ટ કમિશનને બંધારણીય દરજ્જો અપાયો છે. ભારતના ચીફ જસ્ટીસ એનજેએસીનું નેતૃત્વ કરશે.

# ડોલર સામે રૂપિયો ૩૫ પૈસા સુધરીને બંધ રહ્યો

મુંબઈ,તા. ૩૧

વર્ષના કારોબારના અંતિમ દિવસે રૂપિયામાં આજે ૩૫ પૈસાનો સુધારો થયો હતો. આની સાથે જ રૂપિયો બે સપ્તાહની ઉંચી સપાટીએ રહ્યો હતો. ડોલર સામે રૂપિયો ૬૩.૦૩ની સપાટીએ રહ્યો હતો. સતત ચોથા વર્ષમાં વાર્ષિક આધાર પર ડોલર સામે રૂપિયામાં ઘટાડો થયો છે. કેલેન્ડર વર્ષ ૨૦૧૪માં ડોલર સામે રૂપિયામાં ૧૨૩ પૈસાનો અથવા તો ૧.૯૯ ટકા સુધીનો ઘટાડો થયો છે. ૨૦૧૩માં રૂપિયો ડોલર સામે ૬૧.૮૦ની સપાટીએ બંધ રહ્યો હતો. ૨૦૧૩માં રૂપિયામાં ૧૧ ટકાનો ઘટાડો થયો હતો. જ્યારે ૨૦૧૧માં ૧૮ ટકાનો ઘટાડો થયો હતો. ૨૦૧૨માં રૂપિયામાં ત્રણ ટકાનો ઘટાડો રહ્યો હતો. જોકે ડોલર સામે રૂપિયામાં ૨૦૧૦માં સુધારો થયો હતો.

# પીકે ફિલ્મને લઈ કોઈ તપાસ નહીં થાય : દેવેન્દ્ર ફડનવીસ

મુંબઈ,તા. ૩૧

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે આમિર ખાન અભિનીત પીકે ફિલ્મના મામલામાં કોઈ તપાસ



કરવાનો સાફ ઈન્કાર કર્યો હતો. ફિલ્મમાં રહેલી વસ્તુઓને લઈને તપાસ કરવા સરકારે આદેશ કર્યા બાદ આ અંગે કોઈ તપાસનો ઈન્કાર કર્યો છે. ફિલ્મના શો યથાવત રીતે જારી રહેશે. ફિલ્મ સાનુકુળરીતે આગળ વધે તેવા પ્રયાસ કરવામાં આવશે. તેમણે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે આમાં કોઈપણ તપાસ કરવામાં આવશે. સમગ્ર મહારાષ્ટ્રમાં ફિલ્મના શો જારી રહેશે. ફિલ્મઆડે કોઈ તકલીફ ન થાય તેના માટે પુરતી સુરક્ષા ઉપલબ્ધ કરવામાં આવશે. બીજીબાજુ દેશના કેટલાક ભાગોમાં વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો છે. મહારાષ્ટ્રના ગૃહપ્રધાન રામશિંદેએ ગઈકાલે કહ્યું હતું કે, ફિલ્મના પાસાઓમાં તપાસ કરવા પોલીસને કહેવામાં આવ્યું છે.

આ સંબંધમાં ફડનવીસે આજે ખુલાસો કરતા કહ્યું હતું કે, પીકે ફિલ્મના શો યથાવત રીતે જારી રહેશે. કેટલાક થિયેટરો દ્વારા ધમકી મળ્યા બાદ શો રદ કરવામાં આવ્યા છે. બજરંગદળ અને વિશ્વ હિંદુ પરિષદ દ્વારા ધમકી મળ્યા બાદ શો રદ કરાયા છે. બીજીબાજુ પીકે ફિલ્મને લઈને ચાલી રહેલા વિરોધ વચ્ચે ફિલ્મ નિર્દેષક રાજકુમાર હિરાનીએ કહ્યું છે કે, કોઈની પણ ભાવનાને નુકશાન પહોંચે તેવો કોઈ ઈરાદો રાખવામાં આવ્યો નથી. આ ફિલ્મ ધર્મની વાસ્તવિક ભાવનાને જાળવી રાખે છે. માત્ર અયોગ્યરીતે કોઈ ચીજના દુરુપયોગની બાબત આમાં દર્શાવવામાં આવી છે. પીકે ફિલ્મને લઈ ચાલી રહેલા વિરોધ અંગે તેઓએ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે એમપણ કહ્યું હતું કે અમે તમામ ધર્મનું સન્માન કરીએ છીએ.



ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે લખનૌ મેટ્રોના મોડેલ દ્વારા તેમના નિવાસસ્થાનેથી મેટ્રો રેલના પ્રોજેકટનો ખુલ્લો મુકયો હતો.

# પીકે ફિલ્મને સલમાન ખાને આપેલું સમર્થન

મુંબઈ,તા. ૩૧

પીકે ફિલ્મને લઈને ચાલી રહેલા વિરોધ વચ્ચે બોલીવુડના સુપરસ્ટાર સલમાન ખાને પણ હવે આ ફિલ્મને ટેકો આપ્યો છે અને કહ્યું છે કે ફિલ્મને લઈને વિરોધ બિનજરૂરી છે. મધ્યપ્રદેશ, આસામ, ઓરિસ્સા, હરિયાણા, દિલ્હી સહિતના ઘણા રાજ્યોમાં જોરદાર વિરોધ પ્રદર્શન વચ્ચે સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટીફીકેશને પણ સ્પષ્ટતા કરી છે કે, બોર્ડ ફિલ્મમાંથી કોઈપણ સીનને દૂર કરશે નહીં. આમિર ખાને પણ તમામ આક્ષેપોને ફગાવતા કહ્યું છે કે કોઈપણ ધર્મનું આમાં અપમાન કરાયું નથી. અમે તમામ ધર્મનું સન્માન કરીએ છીએ. મારા તમામ હિંદુ મિત્રો ફિલ્મ નિહાળી ચુક્યા છે. કોઈને આઘાત લાગ્યો નથી. હિરાની અને આમિર ખાન ફિલ્મને લઈને બિલકુલ મક્કમ વલણ ધરાવે છે.

## સમાચાર ઝલક

- અમદાવાદના ઈસરોના ચેરમેન ડૉ.રાધાકૃષ્ણનનો દુનિયાના ટોપ-૧૦ વૈજ્ઞાનિકોમાં સમાવેશ.
- મોરબીમાં સીરામીક ઉદ્યોગમાં દુબઈની કંપની ૩૦૦ કરોડનું રોકાણ કરશે.
- જુનાગઢમાં અર્ધનગ્ન રેલી કાઢી સામુહિક આત્મવિલોપન કરવાની એકલવ્ય ખેડૂત સંઘની ચીમકી.
- ધ્રાંગધ્રામાં સતત બીજા દિવસે દલિત-લઘુમતિ જુથો વચ્ચે ઘર્ષણ-લાઠીચાર્જ-અશ્રુવાયુ, તંગદિલી ભરી સ્થિતિ.
- રાજકોટમાં પ્રેમલગ્ન કરનાર પત્નીએ કોર્ટમાં પતિને ઓળખવાની ઘસીને ના પાડી. પતિએ વખ ઘોળ્યું.
- સાબરકાંઠાનું આકોઈરા ગામ દેશનું પ્રથમ ડીજીટલ ગામ બન્યું.
- ગુજરાતમાં સાડા દશ લાખ ઘરોમાં પાઈપ લાઈન દ્વારા ગેસની સુવિધા.
- પાટણના પ્રાંત અધિકારીશ્રી ભરતભાઈ જોષીને સ્ટેમ્પ વેન્ડરે લાફો માર્યો.
- છોટા ઉદેપુરના ખેતીવાડી અધિકારી પાસે ૬ કરોડ બિનહિસાબી નાણાં લાંચ રૂશ્વત ખાતાએ પકડયા.
- કોયલી પાસે ટ્રક પલટી ખાતાં ડ્રાઈવર-કલીનર ફસાયા ૬ વાહનો દબાયા.
- ગુજરાતમાં યુવતીઓ સૌથી વધુ યૌન શોષણનો ભોગ બને છે.
- નવા વર્ષમાં કાર હોમલોન સસ્તી થાય તેવી શકયતા.
- ઉત્તર ભારતમાં કોલ્ડવેવ-ધુમ્મસથી લોકો પરેશાન ૧૬નાં મોત. ઓરિસ્સા-આંધ્રમાં વરસાદની આગાહી.
- રેલ્વેમાં શૈક્ષણિક પ્રવાસ માટે સેકન્ડ કલાસ અને સ્લીપરમાં ૬૦ ટકા રાહત અપાશે.
- ન્યુયોર્કમાં શબ સાથેની શબવાહિનીની ચોરી થઈ. ડાઘુઓએ પાછળ પડી ઝડપી લીધો.
- કસરતથી કેન્સરના દર્દીઓની લાઈફમાં સુધારો થાય છે.
- કેન્સરના ઈલાજ માટે દરેક જિલ્લામાં સ્ટેમલેસ બેંક બનાવાશે.
- નબળાં પડતા રૂપિયાથી ખાદ્યતેલ-કઠોળ-સોનું મોંઘુ થશે.
- શાકભાજીના ભડકે બળતા ભાવને કારણે ગૃહિણીઓ પરેશાન.